સભાગૃહમાં રજૂ થયા

તારીખ–૧૦/૦૩/૨૦૨૨

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

# સાતમો અહેવાલ

(ગુજરાત રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં અનુસૂચિત જનજાતિ વર્ગના અધિકારી/કર્મચારીઓની નોકરીમાં સંખ્યા અને ટકાવારી)

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ


ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

વિઠ્ઠલભાઇ પટેલ ભવન

સેક્ટર-૧૦

ગાંધીનગર

૨૦૨૨

સભાગૃહમાં રજૂ થયા

તારીખ–૧૦/૦૩/૨૦૨૨

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

# સાતમો અહેવાલ

(ગુજરાત રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં અનુસૂચિત જનજાતિ વર્ગના અધિકારી/કર્મચારીઓની નોકરીમાં સંખ્યા અને ટકાવારી)

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

વિઠ્ઠલભાઇ પટેલ ભવન

સેક્ટર-૧૦

ગાંધીનગર

૨૦૨૨

Hb-987-500-03-2022-SIS-10

## અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

(૨૦૨૧–૨૨ના વર્ષમાં પુન: રચના)

### પ્રમુખશ્રી

શ્રી મોહનભાઈ ઢોડિયા

### સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઈ કોટવાલ

શ્રી વજેસિંગભાઈ પણદા

શ્રી બચુભાઈ ખાબડ

શ્રી અભેસિંહ તડવી

શ્રી ગણપતભાઈ વસાવા

શ્રી આનંદભાઈ ચૌધરી

શ્રી સુનીલભાઈ ગામીત

શ્રી વિજયભાઈ પટેલ

શ્રી અરવિંદ સી. પટેલ

શ્રી રમણલાલ પાટકર

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ. પટેલ– સચિવ

શ્રી વિનોદ રાઠોડ – ઉપસચિવ

શ્રી જસ્મીન કાવઠીયા – સેકશન અધિકારી

## અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

(સન ૨૦૨૧–૨૨)

### પ્રમુખશ્રી

શ્રી નરેશભાઈ પટેલ

### સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઇ કોટવાલ

શ્રી કુબેરભાઇ એમ. ડિંડોર

શ્રી રમેશભાઇ બી. કટારા

શ્રી વજેસિંગભાઇ પણદા

શ્રી અભેસિંહ તડવી

શ્રી આનંદભાઇ ચૌધરી

શ્રી સુનીલભાઇ ગામીત

શ્રી વિજયભાઇ પટેલ

શ્રી અરવિંદ સી. પટેલ

શ્રી જીતુભાઇ ચૌધરી

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ. પટેલ– સચિવ

શ્રી વિનોદ રાઠોડ – ઉપસચિવ

શ્રી જસ્મીન કાવઠીયા – સેકશન અધિકારી

## અહેવાલ

હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ, ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરુ છું.

૨. **સમિતિએ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકની** ગુજરાત રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં અનુસૂચિત જનજાતિ વર્ગના અધિકારી/કર્મચારીઓની નોકરીમાં સંખ્યા અને ટકાવારી સંબંધનું સાહિત્ય મંગાવ્યું હતુ. આ સંબંધમાં તા.૨૭મી જુલાઈ, ૨૦૨૧ના રોજ મળેલ સમિતિની બેઠકમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને આઠ મહાનગરપાલિકાઓના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ હાથ ધરવામાં આવી હતી.

૩. સમિતિએ તેની તા.૦૭/૦૩/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં આ અહેવાલના મુસદ્દા ઉપર વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

**<u>અમદાવાદ મહાનગરપાલિકા</u>**

૪. સમિતિએ અમદાવાદ મહાનગરપાલિકામાં અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની ટકાવારી બાબતે પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે, અમદાવાદ મહાનગરપાલિકામાં વર્ગ–૧માં અમુક સંવર્ગમાં વધ છે અને અમુક સંવર્ગમાં ઘટ છે. વર્ગ–૪ની જગ્યાઓની ભરતીમાં સૌથી વધુ મુશ્કેલી આવે છે જેમાં સફાઇ કામદાર અને મેન્યુઅલ મજૂરો છે અને ત્યાં અનુસૂચિત જનજાતિના ઉમેદવારો મળતા નથી. વધુમાં જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા દ્વારા ગુજરાત સરકારના સિવિલ સર્વિસીસ રૂલ એડોપ્ટ કરવામાં આવેલ છે જે પ્રમાણે અલગ અલગ કેટેગરી માટે મીનીમમ કટ ઓફ હોય છે અને કેટલાક ટ્રાયબલ ઉમેદવાર મીનીમમ કટઓફથી ઉપર આવ્યા નથી તેમજ કેટલાક ઉમેદવાર શહેરમાં ખર્ચ વધુ હોવાથી પણ નોકરી છોડીને જતા રહે છે. આ ઘટ ક્યા સુધીમાં ભરવામાં આવશે તે બાબતે સમિતિએ પૃચ્છા કરતા

વિભાગના પ્રતિનિધિએ  જણાવ્યું કે કોરોના પહેલા ભરતી કરવામાં આવેલ છે. હવે કોરોનાનું સંકટ ઓછું થાય એટલે નવી ભરતી કરવામાં આવશે. સમિતિએ આઉટસોર્સીંગથી થતી ભરતી બાબતે પૃચ્છા કરતા કમિશ્નરશ્રી દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે, વર્ગ–૪માં આઉટસોર્સીંગથી જ કાર્ય લેવામાં આવે છે. **સમિતિએ નવી ભરતી પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવા અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને  કટ ઓફ માર્ક્સના લાભ આપી શકતા હોય તો તેમાં ઘટાડો કરીને પણ આ જાતિના ઉમેદવારોની ભરતી કરવા ઉપરાંત વર્ગ–૪ની આરોગ્ય સાથે સંકળાયેલ જગ્યાઓ પર કાયમી ભરતી કરવા સમિતિ ભલામણ કરે છે.**

**વડોદરા મહાનગરપાલિકા**

**૫.** વડોદરા મહાનગરપાલિકા અંગે વિભાગના પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે, વડોદરા મહાનગરપાલિકામાં વર્ગ–૧,૨ અને ૩ સંવર્ગમાં ભરવાપાત્ર જગ્યાથી વધુ જગ્યાઓ અનુસૂચિત જનજાતિઓના ઉમેદવારો દ્વારા ભરાયેલ છે, તેમજ વર્ગ–૪ની જગ્યાઓમાં સફાઇ કામદારોમાં અનુસૂચિત જનજાતિના ઉમેદવારો મળતા ન હોવાના કારણસર ઘટ છે. **વર્ગ–૪ની જગ્યાએ ઓછુ ભણેલો નાનો માણસ આવતો હોય છે એટલે માનવતાના ધોરણે જાહેરાત આપીને પણ આ જગ્યા તાત્કાલિક ભરાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

**રાજકોટ મહાનગરપાલિકા**

**૬.** રાજકોટ મહાનગરપાલિકા અંગે વિભાગના પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે, રાજકોટ મહાનગરપાલિકામાં દરેક સંવર્ગ જોતા ૨૯ જગ્યા ભરવાપાત્ર થાય છે. જેમાં સૌથી વધુ ૧૩ જગ્યાઓ જુનિયર ક્લાર્કની છે, ૧૨૨ જુનિયર ક્લાર્કની જાહેરાત બહાર પાડવામાં આવેલ છે અને એક–બે મહિનામાં ભરતી કરી દેવામાં આવશે તેમજ સફાઇ કામદારોની સીધી ભરતી થયેલ ન હોવાથી મોટા ભાગે જગ્યાઓ ખાલી રહે છે. **જુનિયર ક્લાર્કની ૧૩ જગ્યાઓ**

**એક–બે મહિનામાં ભરી દેવાનું પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું તો તે જગ્યાઓ ભરાઈ કે નહી તે તથા બાકીની ૧૬ જગ્યાઓ પણ ભરાઈ કે કેમ તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. આ ઉપરાંત સફાઈ કામદારોની જગ્યા સીધી ભરતી થઈ ન હોવાના કારણે ખાલી રહેતી હોવાનું વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું તો જો સીધી ભરતીથી ભરી શકાતી હોય તો આ જગ્યા સીધી ભરતી દ્વારા ભરી દેવા સમિતિ ભલામણ કરે છે.**

**વધુમાં આરોગ્ય સાથે સંકળાયેલ વર્ગ–૪ની જગ્યા તો સીધી ભરતીથી કાયમી ધોરણે ભરવા સમિતિ ખાસ ભલામણ કરે છે.**

**જામનગર મહાનગરપાલિકા**

**૭.** જામનગર મહાનગરપાલિકા અંગે વિભાગના પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે, **જામનગર મહાનગરપાલિકામાં અમુક સંવર્ગમાં વધ છે અને અમુક સંવર્ગમાં ઘટ છે. તે પૈકી વર્ગ–૪ની અમુક જગ્યાઓ નાબૂદ થઇ ગયેલ છે અને બાકી જગ્યાઓ ભરવામાં આવશે. આથી જે સંવર્ગમાં ઘટ છે તે જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવા સમિતિ ભલામણ કરે છે.**

**જૂનાગઢ મહાનગરપાલિકા**

**૮.** જૂનાગઢ મહાનગરપાલિકા અંગે વિભાગના પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે, જૂનાગઢ મહાનગરપાલિકા બન્યા પછી સીધી ભરતીથી નિમણૂંક થયેલ નથી અને મહાનગરપાલિકાના રિક્રુટમેન્ટ રૂલ્સ હવે ફાઈનલ થશે અને પછી નવી ભરતી કરવામાં આવશે. **જૂનાગઢ મહાનગરપાલિકાની રચના સન ૨૦૦૨માં થયા પછી ૧૯ વર્ષ જેટલો સમય વિત્યા બાદ ભરતી નિયમો બનાવવામાં આવ્યાની અક્ષમ્ય બેદરકારીનો નમૂનો છે. હવે વધુ વિલંબ ન કરતાં વહેલી તકે તમામ ભરતીઓ થઈ જાય તેની કાળજી લેવા સમિતિ ભલામણ કરે છે.**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

**૯.** ગાંધીનગર મહાનગરપાલિકા અંગે વિભાગના પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકામાં વર્ગ–૧ અને ૨ ની સંખ્યા સીમિત હોઇ રિઝર્વેશનમાં નથી આવતી, વર્ગ–૩માં કટઓફ માર્કસ ક્વોલિફાઇ નહિ થવાના કારણે આ વર્ગના કર્મચારીઓની જગ્યા ખાલી છે અને બાકીની કેડરમાં જી.પી.એસ.સી., જી.ટી.યુ. અને ગૌણ સેવા પસંદગી મંડળ મારફતે ભરતી પ્રક્રિયા ચાલુ છે. સાક્ષી દ્વારા એવુ પણ જણાવવામાં આવેલ કે, **ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વિસ્તરણ થઇ હોવાથી એના પ્રમાણમાં નવું મહેકમ મંજૂર થયેથી નવી ભરતી અંગે જાહેરાત આપવામાં આવશે. નવુ મહેકમ વહેલી તકે મંજૂર કરી જેમ બને તેમ જલદી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

**સુરત મહાનગરપાલિકા**

**૧૦.** સુરત મહાનગરપાલિકા અંગે વિભાગના પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે, સુરત મહાનગરપાલિકામાં વર્ગ–૧ની તમામ જગ્યાઓ ભરાયેલ છે, વર્ગ–૨માં ખાલી જગ્યા ભરવા માટે જાહેરાત આપેલ છે, જુનિયર એન્જીનીયર(સિવિલ)માં બઢતી માટે લાયક ઉમેદવાર ના મળતા તેમાં જગ્યા ખાલી છે, વર્ગ–૩માં ખાલી જગ્યાઓ ભરવા જાહેરાત આપેલ છે તેમજ બઢતીથી ભરવાની કેટલીક જગ્યાઓમાં અનુભવ ધરાવતા ઉમેદવારો ન હોવાથી જગ્યાઓ ખાલી હોવાનું સમિતિને જણાવેલ. સમિતિએ પૃચ્છા કરી હતી કે **૮૭ જેટલી બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારો ના મળે તો શું કરી શકાય તે અંગે વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે આવા સંજોગોમાં અનુભવમાં છૂટછાટ મૂકીને જગ્યાઓ ભરી શકાય એમ છે. આથી આવી ખાલી જગ્યાઓ પર અનુભવમાં છૂટછાટ મૂકીને જગ્યાઓ ભરવા સમિતિ આથી ભલામણ કરે છે.**

**ભાવનગર મહાનગરપાલિકા**

**૧૧.** ભાવનગર મહાનગરપાલિકા અંગે વિભાગના પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે, ભાવનગર મહાનગરપાલિકામાં વર્ગ–૧માં એક જગ્યા ભરવાની થાય છે જેમાં ક્વોલિફાઇડ અધિકારી દ્વારા બઢતી સ્વીકારવાની ના પાડતા ખાલી છે, વર્ગ–૨માં એક જગ્યા ખાલી છે જે માટે હાલ જાહેરાત બહાર પાડેલ છે, વર્ગ–૩માં ૨૨ જગ્યાઓ ખાલી છે જેમાં ૨૦૧૫ની સ્થિતિને જોતા વિભાગે સારી પ્રગતિ કરેલ છે, ઉપરાંત ૧૯૯૮ની સાલમાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ પાસે થયેલ સેટલમેન્ટ મુજબ ૩૦ ટકા જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે અને નામદાર હાઈકોર્ટે ૨૦૧૯માં સેટલમેન્ટને વળગી રહેવાના ડાયરેક્શન આપેલ છે જે અનુસાર મહાનગરપાલિકાના જનરલ બોર્ડે અમારી સેટ–અપ સુધારવાની દરખાસ્ત હાલ મંજૂર કરેલ છે જેથી હવે ભરતી પ્રક્રિયા કરવામાં આવશે. સમિતિ દ્વારા રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા બાબતે પૃચ્છા કરતા વિભાગે જણાવ્યું કે, ભાવનગર મહાનગરપાલિકાના રોસ્ટર રજીસ્ટર ૨૦૧૨માં પ્રમાણિત થયેલ છે અને ૨૦૧૭માં રોસ્ટર પ્રમાણિત કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી પરંતુ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વાંધો કઢાતા હવે એક મહિનામાં રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવામાં આવશે. **સેટ–અપ સુધારવાની દરખાસ્ત મંજૂર થતાં ભરતી પ્રક્રિયા તાત્કાલિક પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૨. **તમામ નગરપાલિકાઓમાં વર્ગ–૪ની આઉટ સોર્સીંગથી ભરાતી જગ્યાઓ પૈકી આરોગ્ય સાથે સંકળાયેલ જગ્યાઓ કાયમી ધોરણે ભરાય અને તેમાં આદિવાસી ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવે તેવી સમિતિ ખાસ ભલામણ કરે છે.**

**૧૩**. સમિતિની તપાસ દરમિયાન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અધિકારીઓની તથા રાજ્યની જુદી જુદી મહાનગરપાલિકાના

મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓનો તથા અન્ય પ્રતિનિધિઓનો, સમિતિ સમક્ષ ઉપસ્થિત રહી માહિતી આપવા અને સાથ–સહકાર આપવા બદલ સમિતિ તેમનો આભાર માને છે તેમજ સમિતિને મદદરૂપ થવા બદલ સમિતિના અધિકારી/કર્મચારીઓનો પણ સમિતિ આભાર માને છે.

ગાંધીનગર
તા.૧૦મી માર્ચ, ૨૦૨૨.

**મોહનભાઇ ઢોડિયા**
પ્રમુખ
અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ
માટેની સમિતિ

# સમિતિની ભલામણો

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧ | ૪ | સમિતિએ નવી ભરતી પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવા અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને  કટ ઓફ માર્ક્સના લાભ આપી શકતા હોય તો તેમાં ઘટાડો કરીને પણ આ જાતિના ઉમેદવારોની ભરતી કરવા ઉપરાંત વર્ગ–જની આરોગ્ય સાથે સંકળાયેલ જગ્યાઓ પર કાયમી ભરતી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨ | ૫ | વર્ગ–જની જગ્યાએ ઓછુ ભણેલો નાનો માણસ આવતો હોય છે એટલે માનવતાના ધોરણે જાહેરાત આપીને પણ આ જગ્યા તાત્કાલિક ભરાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૩ | ૬ | જુનિયર કલાર્કની ૧૩ જગ્યાઓ એક–બે મહિનામાં ભરી દેવાના વિભાગના જવાબના અનુસંધાને  તે જગ્યાઓ ભરાઈ કે નહી તે તથા બાકીની ૧૬ જગ્યાઓ પણ ભરાઈ કે કેમ તેની સમિતિને જાણ કરવા ઉપરાંત સફાઈ કામદારોની જગ્યા સીધી ભરતીથી ભરી શકાતી હોય તો આ જગ્યા સીધી ભરતી દ્વારા ભરી દેવા સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| | | વધુમાં આરોગ્ય સાથે સંકળાયેલ વર્ગ–૪ની જગ્યા તો સીધી ભરતીથી કાયમી ધોરણે ભરવા સમિતિ ખાસ ભલામણ કરે છે. |
| ૪ | ૭ | જામનગર મહાનગરપાલિકામાં જે સંવર્ગમાં ઘટ છે તે જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૫ | ૮ | જૂનાગઢ મહાનગરપાલિકાની રચના સન ૨૦૦૨માં થયા પછી ૧૯ વર્ષ જેટલો સમય વિત્યા બાદ પણ મહાનગરપાલિકાના રિક્રુટમેન્ટ રૂલ્સ બન્યા નથી જે અક્ષમ્ય બેદરકારીનો નમૂનો છે. હવે વધુ વિલંબ ન કરતાં વહેલી તકે તમામ ભરતીઓ થઈ જાય તેની કાળજી લેવા સમિતિ ભલામણ કરે છે. |
| ૬ | ૯ | ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વિસ્તરણના પ્રમાણમાં નવું મહેકમ વહેલી તકે મંજૂર કરી જેમ બને તેમ જલદી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૭ | ૧૦ | ૮૭ જેટલી બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારો ના મળતા હોવાના વિકલ્પરૂપે અનુભવ અથવા અન્ય છૂટછાટ મૂકીને જગ્યાઓ જો ભરી શકાતી હોય તો આવી ખાલી જગ્યાઓ પર છૂટછાટ મૂકીને જગ્યાઓ ભરવા સમિતિ આથી ભલામણ કરે છે. |

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૮ | ૧૧ | સેટ–અપ સુધારવાની દરખાસ્ત મંજૂર થતાં ભરતી પ્રક્રિયા તાત્કાલિક પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૯ | ૧૨ | સમિતિ, તમામ નગરપાલિકાઓમાં વર્ગ–૪ની આઉટ સોર્સીંગથી ભરાતી જગ્યાઓ કાયમી ધોરણે ભરાય અને તેમાં આદીવાસી ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવે તેવી ભલામણ કરે છે. |

*******

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.